Volume : 3 | Issue : 2 | Feb 2014 • ISSN No 2277 - 8160

Research Paper Education

જાતિય શિક્ષણની સામાજિક આર્થિક અસરોઅંગે કોલેજના વિધાર્થીઓના અભિપ્રાયો (Zatiy Shiksanni Samajik Aarthik Asaro Ange Collagena Vidhyarthiyona Abhiprayo)

Pro. Alkaben Harilal Patel — Aco. Pro., Arts and Commerc Collage, Motapodhha, Kapadvanj, Valsad

Patel Dileepkumar Chunilal — Phd. Skolar Pesiphik University, Udaypur, Rajastan.

KEYWORDS :

પ્રસ્તાવિક સમજૂતિ :
માનવ જીવનમાં પ્રાચીન સમયથી અત્યાર સુધીમાં અનેક સ્વરૂપનાં ફેરફારો થયા છે. તેમાં જાતીય શિક્ષણનુ ક્ષે ા પણ બાકાત રહ્યું નથી. તેમાં પણ આજે વિધીસરનાં શિક્ષણની જરૂરીયાત સર્જાઇ છે. તોજ સમાજમાં સર્જાયેલી અન્ય સમસ્યાઓ જેવી કે વસ્તી વધારો બળાત્કારનાં કિસ્સાઓ બિભત્સ સાહિત્યનો ઉપયોગ તરૂણોની જાતિયતા અંગોની સમજ અંગેની મુંઝવણો વગેરે માથી બહાર આવી શકાશે. અને એક સારા સમજદાર સમાજનુ. નિમાર્ણ થઇ શકશે.

જાતીય શિક્ષણ એટલે
"તરૂણાવસ્થામાં થતા ઝડપી શારીરિક વિકાસની સાથે સાથે થતાં જાતીય અંગોની વૃધ્ધિ તથા વિકાસ અને ઉત્પનન થતી પ્રજનન ક્ષમતાને કેન્દ્રમાં રાખીને અપાતું શિક્ષણ કે જ્ઞાન એટલે જાતીય શિક્ષણ "

તરૂણાવસ્થા દરમિયાન જાતીય અંગોના સંપુર્ણ વિકાસ તરૂણનાં મનમાં જાત જાતની લાગણીઓ જન્માવે છે, તેને પરીણામે તેનાં મનમાં જાતીયતા અંગોની માહિતી મેળવવાની તીવ્ર જિજ્ઞાસા જન્મે છે. આ સમયે તેનઁ આ ક્ષે ાની જિજ્ઞાસા સંતોષવી ખુબ જ કરૂરી બને છે. નહીં તો તે બિભત્સ સાહિત્ય કે અયોગ્ય વ્યક્તિ પાસેથી ગેરમાર્ગે દોરનારી માહિતી મેળવશે. તે તેનાં જીવનને માઠી અસર કરશે આથી યોગ્ય વ્યક્તિ કે માધ્યમ દ્વારા જાતિયતા અંગેની પર્યાપ્ત માહિતી તેમને મળવી જોઇએ. આ પ્રક્રિયાને જાતીય શિક્ષણ કહી શકાય. જેમાં પ્રજોત્પતિ પ્રક્રિયા, જાતીય અંગોના કાર્યો, જાતીયતા વિકાસની તરાહો, – જાતીય સુખની સંભાવના, ગુપ્ત રોગો અને તેને થવાનાં કારણો, જાતીય વૃતિનુ. ઉર્ધ્વીકરણ, પરીવાર નિયોજનનાં ઉપકરણોનો ઉપયોગ અને લેવાની કાળજી, લગ્ન અને લગ્ન જીવન, લગ્નેતર જાતીય સંબધો અને તેની અસરો જાતીય વિકૃતીઓ, જાતીય વિકૃતિઓનું નિવારણ, એઇડસ અને તેને અટકાવવાનાં ઉપાયો વગેરે મુદાઓનો સમાવેષ થાય છે,

જોકે આજે પણ આપણા દેશમાં વિધિસરનાં જાતીય શિક્ષણની હજી શરૂઆત થઇ ન ગણાય. જે થી જ સમાજમાં અનેક સમસ્યાઓ આજે પણ આપણને જોવા મળે છે. જોકે યુવા વર્ગમાં જાતીય અંગોની સમજ અંગેની મુંઝવણ બીભત્સ સાહિત્યની જાણકારી માટે ઉપયોગ બળાત્કારના કિસ્સાઓનું વધુ પ્રમાણ સ ી સલામતી નથી. વસ્તી વધારાનુ, ઊંચુ પ્રમાણ વગેરે માટે તરૂણોને આ સમસ્યામાથી બહાર લાવા જાતીય શિક્ષણ આપવું ખુબ જ ખરેખર અગત્યનું છે. જેથી વસ્તી વધારાન વિપરીત અસરોને પણ ટાળી શકાય.

જ્યારે કેટલાક વિચારકો કહે છે કે : જાતિય શિક્ષણ આપવાથી માઠા પરીણામો પણ આવી શકે, તેઓ કહે છે કે આવું શિક્ષણ તરૂણોને વધુ બેહકાવશે. તેઓ ખોટા માર્ગે દોરાશે. અનર્થ સર્જાશે.

આમ જાતીય શિક્ષણ એ બેધારી તલવાર છે. લાભ પણ કહી શકાય. અને ગેરલાભ પણ સર્જાય શકે, જરૂર છે આવા જાતીય શિક્ષણથી સારા વાતાવરણકે સંજોગોનું નિમાર્ણ થાય એવા પ્રયત્નો કરવાની. માટે જ અમે આ સંશોધકીય અભ્યાશ પસંદ કરી પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આ પ્રોજેક્ટમાં વલસાડ જિલ્લાની ચાર જેટલા તાલુકાની કોલેજોનાં વિધાર્થીઓનાં જાતીય શિક્ષણો અંગેનાં અભિપ્રાયો જાણવા પ્રશ્નાવલી દ્વારા માહિતી ભેગી કરવામાં આવી છે. જેના આધારે જાતીય શિક્ષણ અંગે વિધાર્થીઓનાં અભિપ્રાયો શુ છે ? તે જાણી જાતીય સમસ્યાઓનાં નિવારણ માટે કેટલું, કેવું, ક્યારે શિક્ષણ આપવું જરૂરી તેનુ દિશા સુચન કરવા વિચારો પ્રાપ્ત થાય છે.

સમસ્યાનું કથન
શિક્ષણ ફકત પુસ્તકીયું જ્ઞાન કે પરિણામલક્ષી ન બનતા વ્યવહારલક્ષી પણ હોવું જરૂરી છે. તો તે વ્યકિતને વધારે ઉપયોગી બને છે. માટે એવા જ ઉદેશ્યને સિધ્ધ કરવાનાં ભાગરૂપે અમે આ પ્રોજેક્ટ તૈયાર કરવાનો નિર્ણય લીધો હતો. તેના અનુસંધાનમાં પ્રોજેક્ટ " જાતીય શિક્ષણ નો સામાજિક આર્થિક અસરો અંગે કોલેજનાં વિધાર્થીઓનાં અભિપ્રાયો " એ વિષય પર રજુ કરીએ છીએ.

અમારો આ વિષય પસંદ કરવાનો કોઇ ખાસ હેતું કે શોધ કરવાનો નથી, પરંતુ અભ્યાશ હેઠળ લીધેલ કોલેજનાં ઉપરોકત વિષય સંદર્ભની પ્રશ્નાવલીની માહિતીના આધારે તરૂણો જાતીય શિક્ષણ અંગેની જરૂરીયાત અંગેનુંચિ ા કેવું રહેશે ? તેનાથી કેવા સારા પરીણામો આવ્યા કે આવશે તે જાણવાનો છે. જેથી આવા શિક્ષણથી હજી વધારે સારા પરીણામો કે સંજોગો કેવી રીતે સર્જી શકાય ? અને ખરાબ સંજોગોને કઇ રીતે દુર કરી શકાય તે વિચારવાનો છે. અમને જે માહિતીનાં માધ્યમો દ્વારા માહિતી મળી તે પ્રમાણે કાર્યક્ષે ાને વિસ્તાર્યું છે. અને અભ્યાશ કરી જરૂરી સુચનો રજુ કર્યા છે. માટે આ પ્રોજેક્ટ ઉપરોકત મર્યાદાને ધ્યાનમાં લઇ મૂલવશો.

અભ્યાસનાં હેતુઓ
આ પ્રોજેક્ટમાં ચાલુ વર્ષમાં વર્ષ ૨૦૧૧–૧૨–૧૩ માં અભ્યાસ કરતા કોલેજ કક્ષાનાં તરૂણ–તરૂણીઓનાં જાતીય શિક્ષણ અંગેનાં અભિપ્રાયો ની માહિતીનો અભ્યાસ કર્યો છે. અને તે અભ્યાસ નીચે દર્શાવ્યા મુજબનાં હેતુઓ માટે હાથ ધરવામાં આવ્યો છે.

૧. જાતીય શિક્ષણ અંગેનો અભ્યાસ.
૨. અભ્યાસ માટે જાતીય શિક્ષણની અસરો તપાસવા ચાર કોલેજોના વિધાર્થીઓની પ્રશ્નાવલીની માહિતીનો તરૂણાવસ્થાનાં સંદર્ભમા અભ્યાસ.
૩. જાતીય શિક્ષણ આપવાથી ખરેખર સારા પરીણામો આવે છે કે નહીં તેનો અભ્યાસ.
૪. જાતીય શિક્ષણ તરૂણોને ક્યારે, કેવી રીતે, શુ, કોના દ્વારા અપાવું જોઇએ તેમાં તરૂણોનો જ અભિપ્રાય જાણવા.
૫. સમાજમાં સર્જાયેલ માનવ જીવનનાં વ્યવહારીક પ્રશ્નોનાં નિરાકરણ માટે જાતીય શિક્ષણની અસર કારકતા જાણવા.
૬. જે જ્ઞાન તરૂણોને આ વિષય સંદર્ભે મળી રહ્યું છે તે તેમના માટે પુરતું છે ? યોગ્ય રીતે મળી રહ્યુ છે ? તે જાણવા.
૭. ભવિષ્યમાં સારો, સલામત સમજદાર સમાજ નિમાર્ણ પામે તે માટે શું કરવું જોઇએ તેનો અભ્યાસ.
૧૦. વસ્તીની દ્રષ્ટિએ પણ વસ્તીનાં પરીબળની સારી અસર પરીણમે તેવું વાતાવરણનાં સર્જનમાં સહકાર આપવા.

અભ્યાસની ઉપકલ્પનાઓ
૧. સમાજ પર જાતીય શિક્ષણની સારી જ અસરો થઇ નથી.
૨. સમાજમાં સર્જાયેલ બળાત્કાર, સ ી સલામતી, વસ્તી વધારો જેવા પ્રશ્નોના. નિરાકરણ સંદર્ભે જાતીય શિક્ષણથી પૂરતા પ્રયત્નો થયા લાગતા નથી.
૩. જાતીય શિક્ષણ કોણે ક્યારે શુ અને કેવી રીતે આવ્યુ છે ? તે હજી પણ વણઉકાયેલો જ રહ્યો લાગે છે.
૪. જાતીય શિક્ષણ આપવાથી પણ સમાજમાં વસ્તી વધારાથી થતી આર્થિક પરિબળો પરની વિપરીત અસરોને ઘટાડી શકાય નહીં.

સંશોધનનું સીમાંકન
ગુજરાત રાજ્યનાં વલસાડ જિલ્લાનાં પાંચ તાલુકાઓ છે. વલસાડ ,પારડી, ઉમરગામ, કપરાડા અને ધરમપુર આ તાલુકાઓમાં જે કોલેજ સક્ષાની શૈક્ષણિક સંસ્થાઓ છે. તેમાં વલસાડ ,વાપી અન પારડી જેવા તાલુકાઓમાં શહેરી વિસ્તાર પણ છે. તેથી ત્યાં શહેરી વધુ અને ગ્રામ્ય ઓછા એમ બંને પ્રકારનાં સ્થળોનાં તરૂણો શિક્ષણ મેળવવા આવે છે. જ્યારે ધરમપુર અને કપરાડા અને ઉમરગામ

જેવા તાલુકાઓમાં ગ્રામ્ય વિસ્તારનાં તરૂણો વધારે પ્રમાણમાં શિક્ષણ મેળવવા આવે છે. આમ બંને વિસ્તારનાં લોકોનાં જીવન ધોરણ જુદા અને સમજ પણ જુદી છે. માટે અમે માહિતી પ્રાપ્તિ અર્થે બંને પ્ર કારને સમાવવાનો ચાર કોલેજોનાં માધ્યમથી કર્યો છે. જેથી શહેરની વલસાડ અને વાપી ની કોલેજોને પણ લીધી છે. અને ધરમપુર તથા મોટાપોંઢા ક્ષ કપરાડા તાલુકા જ્ઞ ની કોલેજોને પણ લીધી છે, જેથી પસૂદ કરેલ કોલેજોનાં તરૂણોની પ્રશ્નાવલી દ્વારા માહિતી પ્રાપ્ત કરી સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. તેથી તેમને સામાન્યીકરણ તરીકે ન લઇ શકાય.

વ્યાપ વિશ્વ અને નમૂનાની માહિતી

વલસાડ જિલ્લામાં પાંચ તાલુકાઓમાં આમતો આર્ટસ, કોમસ– ,સાયન્સ પ્રવાહ અમે અન્ય બીબીએ, બીસીએ, આઇ. ટી. આઇ, બી. એડ, પીટીસી એમ અનેક પ્રકારની કોલેજો આવેલી છે, જેમાંથી અમે મા વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર, જે. પી. શ્રોફ. આર્ટસ કોલેજ વલસાડ, રોકેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપી તથા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢા નાં વિધાર્થીઅનિી પ્રશ્નાવલી ભરવામાં મદદ લીધી છે. અને એ કોલેજોમાં આવનાર વિધાર્થીઓએ પોતાની માહિતી પ્રશ્નાવલી દ્વારા અમને આપી છે, આમ જિલ્લાની ચાર કોલેજોનાં વિસ્તારને અભ્યાસ અર્થે આવરી લેવાયો છે.

સંશોધનનાં ઉપકરણો

અભ્યાસનાં હેતુઓને ધ્યાનમાં લઇને અભ્યાસની માહિતી ભેગી કરવા માટે પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી. જેમ સૌ પ્રથમ સામાન્ય માહિતી જેમકે માહિતી આપનારનું સરનામું તેમની સંસ્થાનુ નામ સર– નામું ની વિગતોનો સમાવેષ થાય છે.

બાકીની મહત્વની માહિતીઓમાં વિધાર્થીઓમાં જાતીય શિક્ષણ અંગેનાં અભિપ્રાયો, જાતીય શિક્ષણનું સ્વરૂપ, જાતીય શિક્ષણ અંગે– ના માધ્યમો, જાતીય શિક્ષણનું મહત્વ, જાતીય શિક્ષણની સંભવિત અસરો, જાતીય શિક્ષણ શા માટે જરૂરી છે ? જાતીય શિક્ષણ તરૂણોને કોણે આપવું જોઇએ ? વગેરે બાબતોનો સમાવેષ થાય છે.

માહિતી પ્રાપ્તિની પ્રવિધિ

આ પોજેક્ટ અભ્યાસ માટે માહિતી ભેગી કરવા પ્રશ્નાવલી પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો. જેતે કોલેજોનાં તરૂણોની માહિતી ભેગી કરવા માટે તે કોલેજોનાં વિધાર્થીઓને પ્રશ્નાવલી આપી સમજ આપવામાં આવી. જેથી વિધાર્થીઓએ પોતાની માહિતી યોગ્ય રીતે લખી આપી. મારા સાથી અધ્યાપક મિ ાએ પણ આ કાર્યમાં મદદ કરી.

આંકશાસ્ીય પૃથ્થકરણની પધ્ધતિ.

માહિતી ભેગી કર્યા બાદ મળેલ પ્રશ્નાવલીઓની માહિતી વ્યવસ્થિત ગોઠવવામાં આવી. પ્રશ્નાવલીઓના માહિતીઓને એક મોટા ટેબલમાં પ્રશ્નો મુંજબ સૌ પ્રથમ ગોઠવી તેમાં મળેલ જવાબો મુજબ નોંધ પરથી માહિતીનું આંકડાકીય સ્વરૂપ રચવામાં આવ્યું આ વિશ્લેષણ માટે આકડાશાસ્ ની ટકાવારી પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો.

અભ્યાસનાં મહત્વનાં કારણો નીચે મુજબ મળ્યા :

તારણો

૧. માહિતી આપનાર વિધાર્થીઓમાંથી લગભગ ૬૦ ટકા વિધાર્થીઓ જણાવે છે કે તેમને જાતીય શિક્ષણ અંગેનું જ્ઞાન શાળામાં મળે જ છે, જે સારી બાજુ છે. કારણ કે એ સમય ગાળો જ એમના માટે એવો શરૂ થાય છે કે તેમને ત્યાં એ જ્ઞાન મળવું જરૂરી છે.
૨. ૭૮ ટકા વર્ગનાં તરૂણોનું કહેવું છેકે તેમને જાતીય શિક્ષણ અંગેનું જરૂરી જ્ઞાન ઘરમા મળતું નથી જે સારી બાજુ નથી એટલે કે એમ કહી શકાય કે ઓછો વર્ગ એવો છે કે તેમનું કહેવુ છે કે આ માહિતી ઘરમાંથી પણ મળે છે. જે સમાજ માટે યોગ્ય નથીઆ– જે આટલા પ્રગતિશીલ યુગમાં પણ માણસનું માનસ બદલાયુ લાગતું નથી. બાળકને સાચી માહિતી કુટુંબ માંથી પણ મળવી જ જોઇએ તેવા સંજોગો દેખાતા નથી.
૩. જો વધુ પડતા તરૂણો જો એમ માને કે આ જ્ઞાન મળવું જોઇએ તો સારૂ, તો ખરેખર તરૂણોને જાતીય શિક્ષણ અંગેનુ જ્ઞાન મળે એવું વાતાવરણ ઉભૂ કરવું જોઇએ. એવું આંકડાકીય માહિતી પરથી લાગે છે.
૪. જો વધુ પડતા તરૂણો જો એમ જણાવે કે મૂઝવણો મનની કજા– તીય શિક્ષણનાં જ્ઞાનથી દુર થાય છે. તો જાતીય શિક્ષણ તરૂણોને આ ઉમરે આપવું જ જોઇએ. એમ કહી શકાય.
૫. ૬૭. ૦૯ ટકા એટલે કે મોટો ભાગ જણાવે છે કે માણસને તરૂણ વયે આ જ્ઞાન મળવું જ જોઇએ. જેથી તેનાં એ અંગેનાં પ્રશ્નોનું સમાધાન અગાઉથી થતા સુખી લગ્નજીવન જીવી શકે.
૬. ૬૭. ૮૩ ટકા એટલે કે લગભગ ૧૦૦ ટકા વર્ગ માને છે કે આવા સાધનોની સમજની જરૂર છે. જે સારી બાજુ પણ છે. અને ખરાબ પણ છે. જોકે સમજ આપવી તો જોઇએ જ જેથી તરૂણોને ક્યારે કેવી રીતે આવા સાધનો જરૂરી બનશે તેનો ખ્યાલ આવી શકે.
૭. મોટા ભાગનાં એટલે કે ૯૯ ટકા તરૂણોનું માનવું છે કે જાતીય રોગોની જાણકારી મળવી જ જોઇએ, એ સારી બાજુ છ એ તેમ– ની સ્વાસ્થ્ય અંગેની જાગૃતતા કેવી છે તે દર્શાવે છે.
૮. ૯૧ ટકા વર્ગનાં તરૂણો માને છે કે મા પ્રજનન અંગોની માહિતી જ તરૂણોને મળે એ પૂરતી નથી આજે આ અંધાધૂંધીનાં યુગમાં માણસ જ્યારે અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે. અને પોતાના કુટૂંબને છોડી દુર દુર ચુધી નોકરી ધંધાર્થે જવાનાં સંજોગો જ્યારે સર્જાયા છે. ત્યારે તે પોતે કોઇ મહાન રોગ નો ભોગ ન બને, – જાતીય અંગોની જરૂરીયાત સંતોષવામાં તેની તેને સમજ મળવી જરૂરી છે, તેમના મનમાં ઉભા થયેલા જાતીય અંગોનાં ફેરફાર નો ડર દુર થવો જરૂરી છે.
૯. બહુ ઓછી વર્ગ માને છે કે કુટૂંબ નિયોજનનાં સાધનોનો ખ્યાલ આપવામાં આવે એ જરૂરી નથી. માટે તરૂણોને કુટૂંબ નિયોજનનાં સાધનોનો ખ્યાલ મળવો જ જોઇએ. જેથી સુખી દામપત્ય જીવન માટે તેઓને વધુ જાણકારી મળી શકે.
૧૦. લગભગ ૧૦૦ ટકા તરૂણો દ્વારા જાણવા મળે છે કે જાતીય રોગો કઇ રીતે થાય તેની માહિતી તેમને મળવી જ જોઇએ એટલે કે તેઓ માં એ સમજ આવી જ ગઇ લાગે છે કે આ જ્ઞાન કેટલું અગત્યનું છે તંદુરસ્ત માનવ જીવન માટે.
૧૧. મોટા ભાગનાં તરૂણો માને છે કે જાતીય શિક્ષણ ટી. વી. અને કોમ્પ્યુટર દ્વારા વધુ અસરકારક રીતે આપી શકાય. તો તેમને આવા દ્રશ્ય, શ્રાવ્ય માધ્યમથી જ્ઞાન આપવુ જોઇએ જેથી તેઓને સાચી સમજ મળે.
૧૨. ૫૦ ટકાથી વધારે તરૂણોની જો માન્યતા હોય કે જાતીય શિક્ષણ પોસ્ટર્સથી પણ મળે તો સારી સમજ મળે તો તેઓને આવા માધ્યમોથી પણ વારંવાર માહિતી પુરી પાડવી જોઇએ.
૧૩. ખરેખર મોટોભાગ લગભગ ૯૩ ટકા તરૂણો જે ડોકટરો દ્વારા આવું જ્ઞાન મળે તો તેને વધુ વિશ્વાસપા મળે એમ મને લાગે છે, જે સારી બાજુ છે.
૧૪. માહિતી આપનારમાંથી અડધા ઉપરનાં તરૂણો જણાવે છે કે મૌખિક ચર્ચા જાતિય શિક્ષણનાં જ્ઞાન અંગેનું સારૂ પરિણામ સમજ આપી શકે. જ્યારે ૪૦ ટકા તરૂણો કહે છે કે એટલે કે મૌખિક ચર્ચામાં વિધર્થીઓને પૂરતી સમજ મળતી લાગતી નથી કારણકે શાળામાં શિક્ષકો પણ તેમને પૂરતી સમજપૂર્વકની માહિતી આ રીતે આપતા નથી.
૧૫. મોટા ભાગનાં તરૂણો એમ માનતા લાગે છે કે આવા શિક્ષણ માટે ચર્ચાસભાઓ યોજવી જોઇએ. એ આજના વિકસીત યુગમાં બદલાયેલ માનસની ઓળખ લાગે છે.
૧૬. મોટાભાગનાં તરૂણોનું માનવું છે કે આવું જ્ઞાન મળવાથી તેઓને સાચી સમજ મળે છે. જેથી બિનજરૂરી રીતે થતો વસ્તી વધારો આંકી શકે છે. જે સારી બાજુ છે.
૧૭ લગભગ ૯૫ ટકા તરૂણોને લાગે છે કે આવા જાતીય શિક્ષણના જ્ઞાનથી એવા સંપર્કથી થતા રોગોમાં ઘટાડો થાય છે. તો તેમની સારી સમજનું પરીણામ છે. સમાજ માટે એક સારા સંજોગોમાં નિમાર્ણનું યોગદાન બની શકે જાતીય શિક્ષણ.
૧૮. મોટાભાગનાં તરૂણો જણાવે છે કે જાતીય શિક્ષણનાં જ્ઞાનથી તરૂણોનો સર્વાંગી વિકાસ થાય છે. માટે તેઓને આ જ્ઞાન શિ– ક્ષણની સાથે એ સમયગાળા દરમિયાન જ મળી જતા તેઓ અન્ય વિષયોમાં પણ ધ્યાન આપી પોતાની પ્રગતિ સાધી શકે.
૧૯. ૯૪ ટકા એટલે કે વધુ તરૂણો માને છે કે જાતીય શિક્ષણ સામાજિક અંધશ્રધ્ધા નિવારવામાં મદદરૂપ બને છે. જે સારી બાજુ છે.
૨૦. મોટાભાગનાં ૯૨ ટકા તરૂણો માને છે કે જાતીય શિક્ષણ મળવાથી તરૂણોનું માનસિક સ્વાસ્થ્ય સારૂ રહે છે. તે કેળવાય છે. જે દર્શાવે છે કે તેમની આપણા એ ઉમરની એક જરૂરીયાત છે. જે સંતોષવી જરૂરી છે.
૨૧. મોટાભાગનાં લગભગ ૭૮ ટકા તરૂણો માને છે કે આવા જાતીય બાબતો પ્રત્યેની જિજ્ઞાસા સંતોષાય છે. જે તેમના મનમાં આવી બાબતો અંગે ઉદભવતા પ્રશ્નો અંગે તેમને જવાબ મળવા જોઇએ. એવી તેમની વિચારધારા તરફ નિર્દેશ કરે છે.
૨૨. મોટાભાગનાં ૭૭ ટકા તરૂણો જણાવે છે કે આવા જાતીય શિ– ક્ષણનાં જ્ઞાનથી શિક્ષણ સંસ્થાની સ્થિતી જોખમાતી નથી. એટલે કે આજે તરૂણોમાં એવા જ્ઞાનની જરૂર છે. અને તરૂણો એવા જ્ઞ ાનથી ખોટા માર્ગે ન જઇ શકે. એવી સમજ તેમનામાં આવી જાય છે. એ વાતનો નિર્દેશ કરે છે તેઓ.
૨૩. મોટાભાગનાં એટલે કે લગભગ ૮૮ ટકા તરૂણો જણાવે છે કે આવા જાતીય શિક્ષણનાં જ્ઞાનથી તરૂણોમાં અન્ય વિષયો નો રસ ઓછો થતો નથી તો ખરેખર અનય વિષયોમાં પણ રસ જળવાઇ રહે અને તેમને આ જ્ઞાન પણ મળતું રહે એ જરૂરી છે. તેમના માટે એવી બાબતોનો તેમનો નિર્દેશ છે એમ કહી શકાય.
૨૪. મોટાભાગનાં તરૂણોનું માનવું છે કે શિક્ષણ સંસ્થા જાતીય શિક્ષણ આપેતો તેની સમાજમાં બદનામી થવાની નથી.
૨૫. મોટા ભાગનાં એટલે કે ૯૨ ટકા તરૂણોનું માનવું છે કે જાતીય શિક્ષણનું તરૂણો માનવું છે કે જાતીય શિક્ષણનું તરૂણોને જ્ઞાન મળવાથી સમાજનું પતન થશે નહી તેઓ પરથી લાગે છે કે તેઓને જાતીય શિક્ષણ મળવું જરૂરી છે.

સુચનો

❖ તારણો અંગે આ મુજબ સુચનો કરી શકાય :–

૧. લગભગ ૪૦ ટકા તરૂણો જણાવે છે કે તેમને એ જ્ઞાન શાળા–માં મળતુ નથી,તો શાળામાંથી આગળ વધેલ કોલેજ કક્ષાનાં વિધાર્થીઓ માટે પણ એ જ્ઞાન આપવાની પ્રથા તેની સાથે જોડાયેલ જ્ઞાન આપનાર પક્ષકારોએ ચાલુ જ રાખવી જોઇએ. જેથી તેઓને ઉપયોગી માહિતી સમયસર મળી શકે.આ બાબત ખાસ શાળા કોલેજોમાં શિક્ષકોએ ધ્યાન રાખવી જોઇએ. જો વિધાર્થીઓના તેમણે તેમને કોણે આ શિક્ષણ આપવુ જોઇએ તે અભિપ્રાયમાં જણાવેલ બાબત પરથી પણ વિચારી શકીએ. જેમકે ૭૨.૬૭ ટકા તરૂણોનું કહેવું છે કે શિક્ષકોને માહિતી આપે તો સારૂ,તો એ રીતે અમલમાં મૂકવી જરૂરી છે.

૨. ઘરનાં વાલીઓ કુટૂંબીજનો ખાસ કરીને મા–બાપે બાળકને સાચી માહિતી સરળ રીતે આપવી જેથી બાળક બીજેથી ખોટી માહિતી મેળવી ગેરમાર્ગે ન દોરવાય.વળી જાતીય શિક્ષણ તેમને કોણે આપવું જોઇએ એવા જવાબમાં પણ મોટાભાગનાં તરૂઓએ જણાવ્યું જ છે કે તેઓને મા–બાપ કુટૂંબીજનો આ માહિતી આપે તો વધુ સારૂ પરંતુ જો તેમની આ જરૂરીયાત ઘરમાંથી ન સંતોષાયતો તેઓએ જવાબ બીજેથી મેળવવાનો પ્રયત્ન કરે છે,જે બાળકો માટે સારી બાબત નથી.

૩. જો તરૂણોને આવું જ્ઞાન મળેતો તેઓ પોતાની આવી જિજ્ઞાસા બીજે અયોગ્ય જગ્યાએ જઇ સંતોષવાનો પ્રયત્ન કરશે.આજે આવા પ્રગતિશીલ સમયમાં વ્યકિત જ્યારે જુદા જુદા સંચાર માધ્યમોના જમાનામાં જ્યારે બીજેથી પણ આવી માહિતી જાણી જ શકે છે.તો પછી તેને તેનાં કરતાં જવાબદાર પરીબળોએ યોગ્ય રીતે જ માહિતી આપવી જોઇએ.

૪. યુવા વર્ગની આ ઉમર જ એવી હોય છે કે તેમના શરીરમાં અવય–વોમાં કુદરતી રીતે અનેક અવનવા પરીવર્તનો આવે છે,અને તેમને એ અંગે અનેક મૂઝવણો થાય છે. અને તેજ સમયે જો તેમને એ સમસ્યાનું સમાધાન ન મળે તો તેઓ ખોટી જગ્યાએથી આ માહિતી મેળવવાનો પ્રયતન કરે છે.અને તેઓ અધઃ પતનનાં માર્ગે વધે છે.જે સમાજ માટે કે કુટૂંબ માટે સારી બાજુ નથી.

૫. યુવાનો લગ્નબાદ પણ શરમ સંકોચ ન અનુંભવે વસ્તીવધારા જેવા પરીબળને સમજીને નિર્ણય લે,જરૂરી સાધનોને જાણી તેઓ ચિંતા મૂકત રીતે ઉપયોગ કરી શકે.જેથી સલામત સ્વાસ્થ્યની રીતે જીવન જીવી શકે એવા સમાજનું નિમાર્ણ થઇ શકે.માટે પણ એમને પણ આખું જ્ઞાન મળવું જોઇએ.

૬. જોકે આવા સાધનોની માહિતી મળતા તરૂણો તેનો દુરપયોગ કરવા પણ પ્રેરાય શકે.માટે તેમને એઓ એવા માર્ગે જવા ન પ્રેરાય,એ રીતે સાચી સમજ આપવી જોઇએ.જેથી સમાજમાં કો–માર્ય અવસ્થામાં માતા બનવાનાં યુવતીનાં સંજોગો ન સર્જાય. આપઘાત જેવા કિસ્સાઓ સમાજમાં ન ઉદભવે.

૭. જો તરૂણોને જાતીય શિક્ષણનાં જ્ઞાન દ્વારા એ સમજાવવામાં આવે કે આજે વિકાસ ભલે વિજ્ઞાનની રીતે ખુબ થયો છે.પરંતુ સાથે સાથે રોગો પણ અનેક ઉભા થયા છે.અને શારીરિક રીતે એકબીજાનાં સંપર્કમાં આવવાથી પોતાનાં જીવનને માણસ કઇ ખરાબ કક્ષા પર મૂકી દે છે તે તેને કદાચ ખબર પણ ન હોઇ તેવો આજનો સમય છે.માટે યુવાનોને એઇડસ જેવા ,ભયંકર રોગ થી બચવા આવા શિક્ષણમાં સમજાવવુ જોઇએ.

૮. જાતીય રોગો અંગે તરૂણોને જો જાણકારી મળે તો તેઓ નવા માર્ગે જતાં અટકી શકશે.સારા સમાજનું નિમાર્ણ થઇ શકશે.

૯. વિધાર્થીઓનાં ડોકટરો પરનાં વિશ્વાસ અંગેના વિચારો પરથી સમજી શકાય કે દરેક સંસ્થામાં તેમની સાથેનો વાર્તાલાપ મૂકત રીતે વારંવાર યોજવો જોઇએ.જેથી તેઓ તેઓની આવી મૂઝ–વણો માંથી બહાર આવી શકે, ડોકટરોએ તેમની સાથે ચર્ચા વિચારણા કરવી જોઇએ.

૧૦. તરૂણોને ખરેખર મૌખિક ચર્ચાને બદલે ટી.વી,કમ્પ્યુટર,પોસ્ટર્સ વગરે દ્વારા શિક્ષકો ડોકટરો દ્વારા જ્ઞાન મળવું જોઇએ.તો કદાચ તે વધુ સારૂ પરીણામ લાવી શકે.

૧૧. જો તરૂણોને એમ લાગે છે કે મૂકત ચર્ચા સભાઓ આવા વિષય–ની થાયતો સારૂ,તો ખરેખર આવી ચર્ચા સભાઓ યોજવી જોઇએ.જેથી તેમને તેમનાં મનમાં મૂંઝવતા પ્રશ્નોનો જવાબ મળી શકે.અને તેમને પૂછવામાં શરમ સંકોચ હોયતો બીજાની વાતમાંથી પણ તેઓ તેમનો જવાબ શોધી શકે.જેથી તેઓ આવી વાતોમાં જ ન અટવાતા પોતાની બીજી પ્રવૃતિ તરફ પણ ધ્યાન આપી શકે,

૧૨. જો તરૂણો માને છે કે આ જ્ઞાન મળવાથી વસ્તી વધારાને રોકી શકાય છે.જો તેમને જાતીય શિક્ષણ અંગેનું જ્ઞાન આપવું જ. જેથી દેશની આ સૌથી મોટી સમસ્યાને આગળ વધતી રોકી શકાય,ગરીબી ,ભુખમરો,જગ્યાનાં પ્રશ્નો વગેરે પણ થોડો ઉકેલ મળી શકે.આર્થિક અસમાનતા પણ દુર થઇ શકે,

૧૩. વિવિધ જાતીય રોગોને અટકાવવાનું એક માધ્યમ જાતિય શિ–ક્ષણનું જ્ઞાન પણ છે.માટે તરૂણોને એવા માર્ગે જતા અટકાવ–વા પણ જાતીય શિક્ષણનું જ્ઞાન સમયસર આપવું જોઇએ.જેથી તેઓએ પાછળથી પસ્તાવું ન પડે.અન્યોનાં જીવન બરબાદ ન કરે,

૧૪. આટલા પ્રગતિશીલ સમાજમાં આજે પણ જ્યારે બાળકોનાં જન્મ માટે સ્ત્રીને જવાબદાર ઠેરવવામાં આવતી હોય,સ્ત્રી સાથે ખરાબ વર્તન થતા હોય,તો તેવા માટે પુરૂષ વર્ગ પણ જવાબદાર છે.આવી વાતો સમજાવવી જરૂરી છે,અને ખોટી માન્યતાઓ દુર કરવામાં પણ આ શિક્ષણ ઉપયોગી છે.બાળકો ન જન્મવા–નુ કારણ પણ સ્ત્રી જ હોઇ શકે.એ માટે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ પણ સમજવો જોઇએ એવી વાતોની સમજ લોકોમાં આવી શકે માટે પણ એ અંગેનુ જ્ઞાન તરૂણોને મળવું જ જોઇએ.જેથી તેઓ પોતાના ઘરનાંને પણ સમજાવી શકે.

૧૫. તરૂણાવસ્થા દરમિયાનના જાતીય ફેરફારો તરૂણોને માનસિક રીતે અસ્વસ્થ બનાવી દે છે.આ સુજોગોમાં તેમને આ ફેરફારોથી પરિચીત કરાવવામાં આવેતો તેઓ ખરેખર માનસિક સ્વસ્થતા કેળવી લે છે.માટે તેઓને એ માટે કાઉન્સેલીંગ કરવું જોઇએ. જેથી તેઓ શરમ સંકોચ ન અનુંભવે ખોટા ખ્યાલો માંથી બહાર આવે.

૧૬. તરૂણાવસ્થામાં તરૂણોમાં સ્વાભાવિક વિજાતીય આકર્ષણ પણ ઉદભવે છે. અને સમાજ તેને ખોટી રીતે જુએ છે.આથી તરૂણ માનસિક ખેંચતાણ અનુંભવે છે.આ સંજોગોમાં તેના કરતાં તેને જાતીય શિક્ષણનાં જ્ઞાનથી એ માટેની સાચી સમજ આપવી જરૂરી જેથી તેની એ અંગેની જિજ્ઞાસાઓ યોગ્ય રીતે સંતોષાય શકે.તે દ્વિધામાંથી બહાર આવી શકે.

૧૭. આવા જાતીય શિક્ષણનાં જ્ઞાનથી તરૂણો ખોટા માર્ગે ન જાય સંસ્થાની સ્થિતી ન જોખમાય એ માટે તરૂણોને જ્ઞાન આપતી વખતે એ ધ્યાન રાખવું જરૂરી કે એવુ જ્ઞાન એ રીતે આપવું કે તરૂણોમાં જાતીય વિકૃતિ ન પેદા થાય.તેમનામાં ખોટા ભ્રમો ઉત્પન્ન ન કરે તેમજ તેમને જાતીયતા ઉત્તેજક સાહિત્ય કે સામગ્રી ન આપી દેવી નહી તો અનર્થ સર્જાય શકે.

૧૮. ખરેખર તરૂણોની આવા જાતીય શિક્ષણના જ્ઞાનથી માનસિક મૂઝવણો દુર થાય છે.જેથી તેઓ અન્ય વિષયોમાં શાંતિપુર્વક ધ્યાન આપી જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.માટે તેમને જાતીય શિક્ષણનું જ્ઞાન મળવું જ જોઇએ. અને તે પણ ક્રમવાર દરેક વિષયની સાથે સાંકળી શિક્ષકે સહજતાથી આપવું જોઇએ.

૧૯. દરેક શિક્ષણ સંસ્થાઓએ પોતાની સંસ્થાઓનાં બાળકોને જાતીય શિક્ષણનું જ્ઞાન પણ અન્ય વિષયની જેમ આપવા માટેની યોગ્ય યોજના તૈયાર કરવી જોઇએ જેથી તેમની અનિચ્છનીય બનાવો ન બનશે.એક સારા સમાજની રચનામાં યોગદાન આપવાની કરજમાં સંસ્થા ભાગીદાર બની શકશે.એ માટે તેઓએ તરૂણો પાસેથી ‘ જાતીય સમસ્યા સૂચિ ’ જેવી સંશોધનિકા ભરાવીને તેમની સમસ્યાઓ જાણવી જોઇએ.જેથી તેમ જબ તેમના માટે માર્ગદર્શનનાં ઉપાયો વિચારી શકાય,જીવન વિકાસ,જીવનનાં તથ્યો અને રહસ્યો,તરૂણાવસ્થામાંથી,પુખ્તાવસ્થા તરફ,માનવ પ્રજનન,માનવ વિકાસ જેવી ફિલ્મોનું નિમાર્ણ કરી બતાવવી જોઇએ.જાતીય શિક્ષણની સ્લાઇડ ચાર્ટ, વગેરે ડોકટરો દ્વારા બતાવડાવવા જોઇએ.

૨૦. સમાજનાં યોગ્ય માર્ગનાં વિકાસ માટે જાતીય શિક્ષણ પણ એ ખુબ આવશ્યક છે.તો તરૂણોને સમયસર જાતીય શિક્ષણ આપવું એ સમાજની પણ અગત્યની કરજ છે.એ વાત ન ભુલવી જોઇએ.

મૂક્ત જવાબી પ્રશ્નોના જવાબનું મુલ્યાંકન.

૧ તરૂણોના મતે જાતીય શિક્ષણ સામાન્ય રીતર એટલા માટે જરૂરી છે કે આવું શિક્ષણ મળવાથી તેઓમાં જાતીય જીવન અંગેની સજાગતા આવશે.જાતીય જીવનની ઉદભવતી સમ–સ્યાઓનું નિવારણ કેવી રીતે થશે.તેઓ જાણકારી મેળવી શકશે.બળાત્કાર,વસ્તીવધારો,સ્ત્રી અસલામતી વગેરે પ્રશ્નો હલ થશે.લોકો સ્ટ્રેસ મૂકત જીવન જીવી શકશે. આર્થિક અસમાનતા પણ ઘટશે.

૨. મોટાભાગનાં વિધાર્થીઓનું એટલે કે ૭૩ ટકા વિધાર્થીઓનું માનવું છે કે તેમને એ જ્ઞાન શિક્ષકો દ્વારા મળવુ જોઇએ. ૬૪.૩૩ ટકા વિધાર્થીઓનુ. માનવુ. છે કે એ જ્ઞાન મા–બાપ દ્વારા મળવું જોઇએ.૬૦ ટકા તરૂણોનું માનવું છે કે ડોકટરો દ્વારા એ જ્ઞાન મળવું જોઇએ.મિ ડો સમાજ કુટૂંબીજનો દ્વારા પણ એ જ્ઞાન મળવું જોઇએ.તો તરૂણો સાથે સંકળાયેલ આ પક્ષકારો એમને એ એમની આ તરૂણાવસ્થાઓની મૂંઝવણો માંથી બહાર લાવવાનો યોગ્ય સ્વરૂપનો પ્રયત્ન કરવો જોઇએ.તેમને સમયસર સાચી માહિતી યોગ્ય રીતે આપવી જોઇએ.જેથી તેમના મનમાં ઉદભવતા પ્રશ્નો–શંકાઓનું સમાધાન થાય.તેઓ અશ્લીલતા કે બીભત્સ સાહિત્ય તરફ ન વળે.એક સારા સમાજનું નિમાર્ણ થાય.વળી કહેવાય છે કે કોઇપણ પ્રકારનાં શિક્ષણ માટે માતાથી વિશેષ કોઇ નથી. તો જાતીય શિક્ષણનો પ્રારંભ પણ માતા દ્વારા જ થવો જોઇએ.બાળ સહજ જિજ્ઞાસાને માતાએ જ સાચી રીતે સંતોષવી જોઇએ.માતાએ હસતા હસતા સાચા જવાબો સહજ રીતે આપવ જોઇએ.ત્યાર બાદ જાતીય શિક્ષણ માટે શિક્ષક એ સૌથી અસરકારક પરીબળ છે. તો શિક્ષકે પણ પોતાના અધ્યાપન કાર્ય દરમિયાન વિષય વસ્તુ સાથે આ જાતીય શિક્ષણને આવરી લઇ તટસ્થા પૂવર્ક જ્ઞાન આપવું જોઇએ.અને પોતાની જવાબદારી અદા કરવી જોઇએ.